# પ્રાંતિજમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા સેમિનાર યોજાયો

પ્રાંતિજ, તા.૨૧

પ્રાંતિજ બ્રહ્માકુમારીઝ સંસ્થાના સૌજન્યથી તાજેતરમાં માર્કન્ડેશ્વર મહાદેવના પરિસરમાં 'તણાવ મુકિતથી તંદુરસ્તી' વિષય આધારિત એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા (મુંબઈ નિવાસી) જાણીતા મનોચિકિત્સક ડૉ. ગિરીશભાઈ પટેલે પ્રવર્તમાન સમયમાં તણાવથી મુકત રહીને મનની અગાધ શકિતઓ દ્વારા મનુષ્ય જીવનમાં ખુશીની પ્રાપ્તિ માટેનું મનોવિજ્ઞાન આધારિક પ્રેરક જ્ઞાનનું સૌને રસપાન કરાવ્યું હતું. પ્રાંતિજના જાણીતા એડવોકેટ જમનાદાસ નરસીંધાણી, સંસ્થાના મુખ્ય સંચાલિકા રાજયોગિની ચંદ્રિકાબેન, ઉપરાંત મોહિનીબેન અનો શોભાબેન વગેરેએ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત જીજ્ઞાશુ આત્માઓને ઈશ્વરીય જ્ઞાનનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બ્ર.કુ. યોગિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગઢડા શામળાજી પ્રાથમિક શાળામાં પુસ્તક પ્રદર્શન યોજાયું

ખેડબ્રહ્મા, તા.૨૨

રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ખેડબ્રહ્મા તાલુકા સરકારી પુસ્તકાલય દ્વારા ગઢડા શામળાજી પ્રાથમિક શાળા ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું હતું.

આ પ્રદર્શનનું ઉદઘાટન અમદાવાદ વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. પંકજ ગોસ્વામી આ પ્રસંગે ખેડબ્રહ્મા તાલુકા સરકારી પુસ્તકાલયના મદદનીશ ગ્રંથપાલ એસ.જે. પટેલ, પ્રા. શાળાના શિક્ષક શૈલેષભાઈ પટેલ, શિક્ષકો-વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત શાળાના ઉપક્રમે સ્વચ્છતા અભિયાન રેલી યોજાઈ હતી. જયારે વિવિધ શાશાના બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

# પાલનપુર પાસે દારૂ ભરેલી સ્કોર્પીયો ઝડપાઈ

પાલનપુર, તા.૨૨





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નજીક આવેલ પારપડા માર્ગ પરથી શહેર તરફ આવતી વિદેશી દારૂ ભરેલી ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડી હતી પોલીસે દોઢ લાખનો દારૂ અને કાર કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ પાલનપુર-પારપડા માર્ગ પર થી પાલનપુર શહેર તરફ દારુ ભરેલી સ્કોર્પીયો પસાર થઈ રહી હતી વહેલી સવારે હાઈ વે પરની પોલીસને શંકા જતા તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો પરંતુ દારુ ભરેલ સ્કોર્પીયો કાર નં. જીજે-૮-કે.આર. ૫૨૩૪ના ચાલકે કાર ને પુરપાટ ઝડપે હંકારી હતી આથી પોલીસે પણ ફિલ્મી ઢબે તેનો પીછો કર્યો હતો. દરમિયાન અચાનક જ એકાએક દારૂ ભરેલી કાર પલ્ટી ખાઈ જતા ચારે બાજુ દારૂ દારૂ ફેલાઈ ગયો હતો. જો કે કારનો ચાલક કાર મૂકી નાસી છૂટયો હતો. પોલીસે રૂ. ૧,૫૮,૯૦૦ની કિંમતનો દારુ અને કાર કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# તલોદ સિવિલ કોર્ટ સોમવારે નવા મકાનમાં કાર્યાન્વિત થશે

તલોદ, તા. ૨૨

તલોદ તાલુકાની સિવિલ કોર્ટ હાલમાં બગીચા પાસે આવેલ ભાડાના મકાનમાં કાર્યરત છે. આ કોર્ટનું અદ્યતન અને સુવિધાસભર ત્રણ માળનું મકાન સરકાર દ્વારા બનાવી અપાતાં સોમવાર તા. ૨૪-૧૧-૧૪ થી અદાલતની કાર્યવાહી નવીન મકાનમાં શરૂ થશે. આ પ્રસંગે જીલ્લા સેશન જજ આઈ.સી. શાહ ખાસ ઉપસ્થિત રહી મકાનમાં પ્રવેશ કરાવશે.

મળેલ વિગતો મુજબ તલોદ તાલુકાની સિવિલ કોર્ટ જે હાલમાં તારાચંદભાઈ સિંગાણી ચોકડી પાસે કાર્યરત છે. જેમકાન ભાડાનુંહોઈ રાજ્ય સરકારે કોર્ટના પોતાના મકાન માટેની કાર્યવાહી હાથ ધરી પશુ દવાખાના પાસે નવીન અદ્યતન મકાન બનાવી આપેલ હતુ. આ મકાનમાં હાલમાં ચાલતી સિવિલ કોર્ટ સોમવાર તા. ૨૪-૧૧-૧૪ થી પોતાની અદાલતી કાર્યવાહીનો શુભારંભ કરશે.

આ નવીન મકાનનો શુભારંભ પ્રિન્સિપલ ડિસ્ટ્રીક સેશન જજશ્રી આઈ.સી. શાહ કરાવશે. આ પ્રસંગે પ્રિન્સિપલ સિવિલ જજ તલોદના એન.એમ. રામરખ્યાણી તથા બાર એસોસીએશનના પ્રમુખ આર.જી. મકવાણાની ખાસ ઉપસ્થિત રહેશે. નવીન મકાનમાં ત્રણ માળ સુધી બાંધકામ કરેલું છે. તેમજ અદાલતી કાર્યવાહીમાં જરૂરી સુવિધાઓ તેમજ તે પ્રકારના રૂમો પણ બનાવાયા છે અને કસ્ટડી જેલની મહિલા અને પુરૂષો માટે અલાયદી વ્યવસ્થા કરાઈ છે. જ્યારે વકીલો માટે તેમજ ન્યાયની દાદ માંગવા આવતા નાગરીકો માટે પણ સુંદર સુવિધાનું આયોજન આ મકાનમાં કરાયું છે.

તલોદના સિવિલ જજ એન.એમ. રામરખ્યાણી, બાર એસોસીએશનના પ્રમુખ આર.જી. મકવાણા તથા સભ્યોના શ્રેષ્ઠ સહકારથી આ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું છે. તલોદમાં માર્કેટયાર્ડ નજીક ન્યાયાલય આવી જતાં લોકોને વધુ સરળતા પડશે તેવો સુર પણ શહેરમાં ચાલી રહ્યો છે.

# ખેડબ્રહ્મા પાલિકાએ ૨૦ માઈક્રોનથી પાતળા કપ તથા થેલીઓ જપ્ત કરી



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૨૧

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના કપ તથા થેલીઓ વાપરતા વેપારીઓ તથા ચાની લારીઓ ઉપર તપાસ હાથ ધરતાં મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના કપ તથા થેલીઓ મળી આવી હતી જેથી વેપારીઓમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલ તથા સેનેટરી ઈન્સ્પેકટર નરેન્દ્રસિંહ પરમાર તથા ટીમે ગુરુવારે મોડી સાંજે પ્રતિબંધિત પ્લાસ્ટીકના કપ તથા થેલી ઓ જપ્ત કરવાની ઝુંબેશ હાથ ધરતા શહેરના વેપારીઓ તથા ચાલી લારીવાળાઓમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો. આ કાર્યવાહીમાં ૨૦ માઈક્રોન કરતાં પાતળા ૧૫૦૦૦ કપ તથા સફેદ અને રંગીન થેલીઓ જપ્ત કરી હતી અને વેપારીઓને સુચના આપવામાં આવી હતી કે હવે પછી આવો પ્રતિબંધિત પ્લાસ્ટીકના કપ કે થેલીઓ જપ્ત થશે તો કાનુની કાર્યવાહી કરવામાં આવશે

# તલોદ પંથકમાં યુરિયા ખાતરની તંગી કાળા બજારિયાઓને ઘી-કેળા

તલોદ, તા. ૨૨

તલોદ પંથકમાં યુરિયા ખાતરની ભારે તંગી સર્જાતા ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. વારંવાર યુરિયા ખાતરની અને ડી.એ.પી. ખાતરની અછત સર્જાતા નબળા ગરીબ ખેડૂતો ડબલ કિંમત ચુકવતા હાલત કફોડી બની છે. વાવણી ખાતર વગર કેવી રીતે કરવી તેવા પ્રશ્નાર્થોથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે. સરકાર માન્ય તાલુકા સંઘો અને જિલ્લા સંઘો તેમજ સહકારી મંડળીઓ અને એગ્રો જેવી દુકાનોમાં ૨૬૦ના રજીસ્ટર ભાવો હોવા છતાં અન્ય સ્થળોએ ખુલ્લેઆમ ૪૦૦ જેવી રકમથી ખાતરનું વેચાણ કરી રહેલા કાળા બજારીયાઓને તડાકો પડ્યો છે.

તલોદ પંથકમાં ખેડૂતોની લાબી કતારો ખાતર ખરીદવા વહેલી સવારથી જ માન્ય દુકાનોએ જોવા મળી રહ્યા છે. ઘઉં, મગફળી તેમજ તમાકુ જેવા અન્ય પાકોને જીવંત રાખવા ખાતરની વધુ જરૂરિયાતો પડતી હોય છે. હાલમાં એક કોથળી ખાતરનો સરકારી ધારાધોરણ મુજબ ૨૬૦ રૂપિયા જેવા ભાવે ખેડૂતોને મળે છે. જ્યારે કાળા બજારમાં આ ખાતર ૪૦૦ થી ૫૦૦ જેવા ઊંચા ભાવે મળે છે. કોઈ જ રોકટોક વગર, ખુલ્લેઆમ કાળા બજારીયા ઉંચા ભાવ મેળવી ઘી કેળા કરતા હોય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે. એમાંય ખાતરની અછત બતાવતા ગરીબ અને મધ્યમ કક્ષાના ખેડૂતો લુંટાતા રહેતા હોવાનું મહિયલના અગ્રણી ખેડૂત પૃથ્વીસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયત્નોથી ખેડૂતોને કૃષિક્ષેત્રે શ્રેષ્ઠ વિકલ્પો પુરા પાડવાના રહ્યા છે. જેમાં અઢળક ખર્ચ પણ કૃષિ ખાતુ કરી રહ્યું છે. પરંતુ આવા કાળા બજારિયાઓને ડામવામાં નિષ્ફળતા મળી હોવાનું પણ ઝાલા જણાવી રહ્યા છે. મોટા જમીનદારો અને શ્રીમંતો ખાતરોની ગોડાઉનો ભરી દે છે. અને મન માગ્યા દામો લઈ સરેઆમ ખાતરનું વેચાણ તલોદ પંથકમાં થઈ રહ્યું છે. જો સમયસર ખાતર નહી મળે તો કાળી મજુરીથી ખેતી કરતા જીવંત પાકો નિષ્ફળ જવાનો ભય પણ ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા સત્વરે ખાતર સહેલાઈથી મળી રહે અને કાળા બજારીયા સમક્ષ લાલ આંખ કરવા તલોદ પંથકના ખેડૂતોની ઉગ્ર માંગ છે.

# ખેડબ્રહ્મા તાલુકાના બાવળ કાંઠીયા ગામમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજાયો



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૨

સમગ્ર રાજયમાં આરંભાયેલા ગુણોત્સવ કાર્યક્રમના અંતિમ દિવસે સાબરકાંઠા જિલ્લા અંતરીયાળ એવા ખેડબ્રહમા તાલુકાની બાવળ કાંઠીયા ગામની -ાથમિક શાળાના બાળકોનું મુખ્યમંત્રી કાર્યાલયના સચિવ અજય ભાદૂએ મૂલ્યાંકન કર્યુ હતું.

શાળામાં ઉપસ્થિત વાલી અને શિક્ષણગણ ને સંબોધિત કરતા ભાદૂએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો પાયો સુદ્રઢ કરવાનું કામ રાજય સરકારે કર્યુ છે. જેને પરીણામે આજે સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ એવા ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ એવા બાવળ કાંઠીયા ગામામં બાળકો શિક્ષણ લેતા થયા છે વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ભારતનો એકમાત્ર એવો તાલુકો છે. જયા બાળકોને ઇ-લર્નિગના પાઠ ભણાવવામાં આવે છે. અંહિથી શરૂ થયેલા વાઇ-ફાઇ -ોજેકટ થકી શિક્ષણ સાથે લોકજીવનમાં પણ સુધારો આવ્યો છે. વળી તેમણે સાબરકાંઠા જિલ્લામાં શરૂ થયેલા ઇ-શિક્ષક -ોજેકટ થકી શિક્ષણ ક્ષેત્રે આવેલા ગુણાત્મક પરીવર્તનને આવકારદાયક ગણાવી અન્ય જિલ્લામાં પણ આ રીતે શિક્ષણ આપવાની કામગીરી થાય તેમ જણાવ્યું હતું આ -સંગે ભાદૂએ ધારેણ ૫ થી ૭ ના વિધાર્થીઓનો વાંચન, લેખન અને ગણનની પરીક્ષા કરી હતી.

ત્યારબાદ ભાદૂએ જિલ્લાના વાઇ-ફાઇથી સજ્જ એવા ગલોડીયા અને લક્ષ્મીપુરા ગ્રામ પંચાયતની મુલાકાત લઇ સખી મંડળની બહેનો સાથે ચર્ચા કરી હતી અને તેમના જીવનમાં આવેલા આર્થિક પરીવર્તનથી ખુશી વ્યકત કરી હતી.

ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન ભાદુ એ શાળા વ્યવસ્થાપન સમીતિના સભ્યો સાથે બેઠક યોજી બાળકોના શિક્ષણમાં વિકાસલક્ષી બાબતોને કઇ રીતે આવરી લેવાય તેની વિશેષ ચર્ચા કરી હતી. ઉપરાંત ગામના ખેડૂતો સાથે પણ ગોષ્ઠી કરી હતી. શાળા મૂલ્યાંકન કાર્યક્રમ -સંગે કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, ખેડબ્રહ્મા -ાંત અધીકારી પી.એસ.-જાપતી, મામલતદાર મોદી, સહીત અન્ય અધિકારીઓ અને ગ્રામજનો તથા શાળાના બાળકો ઉપસથિત રહ્ાા હતા.

# કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી આજે પાંથાવાડા ગામ દત્તક લેશે

પાલનપુર, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક સંસદ સભ્યને પોતાના મત વિસ્તારનું એક ગામ દત્તક લઈ આદર્શ ગામ બનાવવાનું આહવાન કરતાં બનાસકાંઠાના સંસદ સભ્ય કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરી બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામને આજે યોજાનાર એક સમારંભમાં દત્તક લેશે.

પાંથાવાડા ગામ રાજસ્થાન સરહદે આવેલ છે. તેમજ રજવાડાના સમયમાં મહાલ તરીકે ઓળખાતુ હતુ. આ સરહદી ગામને દત્તક લઈને પાંથાવાડા અને આસપાસના ૨૫ ગામો જે અહીં સંકળાયેલ છે તેમના માટે પ્રેરણારૂપ બનશે. વર્ષોથી કોંગ્રેસી અગ્રણી રહેલા પાંથાવાડાના વર્તમાન સરપંચ અને ધાનેરા તાલુકાના કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ રેવા શંકર ઘાડીયાના સુપુત્ર રમેશભાઈ ઘાડીયા તેમના સમર્થકો અને શુભેચ્છકો સાથે ભાજપમાં જોડાઈ જાય તેવી માહિતી અંતરંગ સૂત્રો દ્વારા મળી છે.

# ડીસા ઉત્તર પોલીસે રૂ. ૧.૧૮ અને દક્ષિણ પોલીસે રૂ. ૨.૧૫ લાખનો દંડ વસૂલ્યો



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૨૨

ડીસા શહેરમાં દક્ષિણ અને ઉત્તર પોલિસ મથક દ્વારા તા. ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ચાલેલી ટ્રાફીક ઝુંબેશ અંતર્ગત દક્ષિણ પોલીસે રૂ. ૨.૧૫ લાખ અને ઉત્તર પોલીસે રૂ. ૧.૧૮ લાખનો દંડ વસુલ્યો છે.

ગુજરાત પોલીસની ટ્રાફીક ઝુંબેશ અંતર્ગત ડીસા શહેર અને તાલુકામાં પણ વાહન ચેકીંગ હાથ ધરી સીટ બેલ્ટ અને હેલ્મેટ વિનાના તેમજ વાહનોના કાગળીયા નહી ધરાવતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ઉત્તર પોલીસે મોટર સાયકલ કાર સહિત કુલ ૩૨ વાહનોને ડીટેઈન કરી ૧૪ દિવસમાં રૂ. ૧.૧૮ લાખનો દંડ વસુલ્યો છે. જયારે દક્ષિણ પોલીસે ૧૫ વાહનો ડીટેઈન કરી કુલ રૂ. ૨.૧૫ લાખ દંડ વસુલ્યો છે અને ટ્રાફીક ઝુંબેશ બાદ પણ કોઈ વાહનચાલક ટ્રાફીક નિયમનનો ભંગ કરતા પકડાશે તો કાયદેસરની કાર્યવાહી થશે તેમ પોલીસે જણાવ્યું હતું.

# બનાસકાંઠા હિંમતનગરથી હજુ દસ વર્ષ પાછળ છે : ડો. રાજલબેન દેસાઈ

પાલનપુર, તા. ૨૨

પાલનપુર ખાતે તાજેતરમાં યોજાયેલ રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે વક્તા પ્રો. ડૉ. રાજુલબોન દેસાઈએ બનાસકાંઠાના હિતેચ્છુઓને ધ્યાનમાં લેવા જેવા કેટલા વેધક પ્રશ્નો કર્યા હતા અને બનાસકાંઠા હિંમતનગરથી હજુ પણ દસ વર્ષ પાછળ છે તેવું જણાવ્યું હતું.

વધુમાં ડીસા બટકાનગરી તરીકે ઓળખાય છે. પરંતુ બટકાની બાય પ્રોડક્ટ માટે અહીં કોઈ જ ઈન્ડસ્ટ્રીઝ નથી જેથી બેરોજગારો વધુને વધુ ગરીબ થઈ રહ્યા છે. આજના બનાસકાંઠાના જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો કે લોકસભાની ચૂંટણી લડતા નેતાઓને પહેલો પ્રશ્ન કરવો જોઈએ કે તમારા મતવિસ્તારના પાંચ પ્રશ્નો કયા છે તેનો પાંચ મિનિટમાં જવાબ આપવાનું કહેશો તો લગભગ નિષ્ફળ જશે તેમ પણ તેમને જણાવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના પ્રશ્નોના ઉકેલમાં સહાયભુત થવા મીડીયા સહયોગી બને તેવી અપેક્ષા પણ તેમણે વ્યક્ત કરી હતી.

# માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક બનાવાશે આદિવાસી બલિદાન દિવસે કેન્દ્રીય મંત્રીની ઘોષણા

## ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના હજારો લોકો ગોવિંદગુરૂ વણઝારાને શ્રદ્ધા સુમન માટે ઉમટી પડ્યા

તલોદ, તા. ૨૨


મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ભમરી-કુંડા ગામના માનગઢ હિલ ખાતે આદિવાસી બલિદાન દિવસની ઉજવણી પ્રસંગે કેન્દ્રીય મંત્રીઓ, રાષ્ટ્રીય અને રાજ્યના આદિવાસી મોરચાના પ્રદેશ અધ્યક્ષો, હોદ્દેદારો તથા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ગોવિંદગુરૂ સ્થિત રહી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને આ સ્થળને ઐતિહાસિક દરજ્જો મળે તેવા શ્રેષ્ઠ પ્રયાસોને પ્રાથમિકતા અપાઈ હતી.

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિભેટે આવેલ માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક બનાવાશે તેવી ઘોષણા કેન્દ્રીય આદિજાતિ મંત્રી જુએલ ઉરાવે સોમવારના રોજ ઉપસ્થિત સૌ કોઈની હાજરીમાં આદિવાસી બલિદાન દિવસની ઉજવણી પ્રસંગે કરી હતી. ગોવિંદગુરૂ વણઝારાની ધુણી અને ઐતિહાસિક આદિવાસી સ્વાધીનતા સ્વતંત્રતા આંદોલનના આધ્યપ્રણેતાની કર્મભૂમિ પર ૧૭ નવેમ્બર-૧૯૧૩ ના રોજ સ્થાનિક રજવાડાઓએ તથા અંગ્રેજ શાસકોએ સ્વાતંત્ર્ય સંગ્રામના નિઃશસ્ત્ર આદિવાસીઓને નિશાન બનાવી ૧૫૦૭ જેટલા આદિવાસીઓને શહીદ કર્યા હતા. આ દિવસ ભારતીય ઈતિહાસમાં કલંક સમાન ગણી રાષ્ટ્રીય આદિવાસી મોરચા દ્વારા આદિવાસી બલિદાન દિવસનું આયોજન માનગઢધામ ખાતે સોમવારે કરાયું હતું.

જેમાં કેન્દ્રીય મંત્રી જુએલ ઉરાવ, કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ વસાવા, રાષ્ટ્રીયમંત્રી જ્યોતિ દુર્વેજી, આદિજાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ફઝાનસિંહ ફુલસેન, પ્રભારી ભગવનચરણ માથુર, ગુજરાત પ્રદેશ ભાજપાના સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી રામસિંહ રાઠવા, સંસદ જશવંતસિંહ ભાભોર, રાજસ્થાન મંત્રી જીનમલ ખાંટ, મધ્યપ્રદેશના શ્રમમંત્રી દિલીપસિંહ ભુરીયા, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ મંગુભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. દરેક મહાનુભાવોએ પોતાનું વકતવ્ય આપ્યું હતું. જેમાં માનગઢ ધામને પર્યટક સ્થળ અને રાષ્ટ્રીય સ્મારક બનાવી દેશ અને દુનિયામાં ગોવિંદગુરૂ વણઝારાના કાર્યોને જીવંત રાખવાનો પ્રયાસ કરવા ઉપર ભાર મુક્યો હતો.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JKTYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Rakhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515